# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૬૮-૭૮ તા.૨૧/૦૮/૨૦૨૧

પરિપત્ર- ૨૪૭

સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો પત્ર ક્રમાંક: ISC-7/યુનિ/૨૦૨૧.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/પીજી.કેન્દ્રો/અનુસ્નાતક ભાવનોના આચાર્યશ્રીઓ/ ઇન્ચાર્જશ્રીઓ અને કો-ઓર્ડીનેટરશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું, આઝાદીના કા અમૃતમહોત્સંવ અંતર્ગત રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના અંતર્ગત શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચવામાં આવેલ કવિતાઓના પઠન કરવાની રાજ્ય કક્ષાની સ્પર્ધા તા.૨૬/૦૮/૨૦૨૧ના રોજ આયોજિત થનાર છે. આ સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએથી પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને મોકલવાના હોય યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાનું આયોજન તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ કરવામાં આવેલ છે. જેમાં આપની કોલેજ/કેન્દ્ર/ભવન ખાતે અભ્યાસ કરતા રસ ધરવતા વિદ્યાર્થીઓને નીચે દર્શાવેલ સ્થળે હાજર રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ: ઓડીટોરીયમ, સરકારી પોલીટેકનીક કોલેજ, ગદુકપુર, ગોધરા
તારીખ:૨૪/૦૮/૨૦૨૧, મંગળવાર.
સમય: બપોરે ૧૨:૦૦ કલાકે

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/પીજી.કેન્દ્રો/અનુસ્નાતક ભાવનોના આચાર્યશ્રીઓ/ ઇન્ચાર્જશ્રીઓ અને કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ સારું.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : ISC-7/ યુનિ./૨૦૨૧/ તા. /૦૮/૨૦૨૧

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી,

રાજ્યની સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓ,તમામ.

**વિષય :"આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદમેઘાણીની જન્મજયંતિની ઉજવણી કરવા બાબત.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ તા.૨૮/૦૮/૨૦૨૧એ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની રાજ્યકક્ષાએ ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજ્યની તમામ યુનીવર્સીટીએ કરવાની કાર્યવાહીનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

(૧)આપની યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાંથી સ્પર્ધકોને આમંત્રિત કરીને તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ યુનિવર્સિટીકક્ષાએ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચવામાં આવેલ કવિતાઓનું પઠન કરવાની સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.જેમાંથી પ્રથમ, દ્વીતીય અને તૃતિય ક્રમે આવેલ વિદ્યાર્થીને યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી પુરસ્કાર/ઈનામ આપવાનું રહેશે.

(૨)આપની યુનીવર્સીટીમાં પ્રથમક્રમે આવેલ વિદ્યાર્થીને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૨૬/૦૮/૨૦૨૧ના રોજ કે.સી.જી. કચેરી, અમદાવાદ ખાતે આપની યુનિવર્સિટીના નોડલ અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં મોકલી આપવાના રહેશે.

(૩)રાજ્યકક્ષાએ અનુક્રમે પ્રથમ,દ્વિતીય અને તૃતીયક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને પ્રોત્સાહકઇનામ સ્વરૂપે અનુક્રમે રૂ.૧૫,૦૦૦/-,૧૧,૦૦૦/-,૫,૦૦૦/-મળવાપાત્ર છે.

ઉપરોકત તમામ કાર્યવાહી ઓ.એસ.ડી.શ્રી આર.કે.શાહ(AISHE)એ એડવાઈઝરશ્રી કે.સી.જી. કચેરી,અમદાવાદનાં સંકલનમાં રહીને પૂર્ણ કરવાની રહેશે.

(જી.ટી.પંડ્યા,IAS)
નિયામક
ટેકનીકલ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

(એમ.નાગરાજન,IAS)
નિયામક
ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

Scanned with CamScanner

નકલ રવાના કાર્યવાહી અર્થે:-

- એડવાઈઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ
- શ્રી આર.કે.શાહ(AISHE), કે.સી.જી. કચેરી, અમદાવાદ

---



Scanned with CamScanner